# સાહિત્ય અને અલંકાર

**ધીરુ પરીખ**

એક અર્થમાં જે શરીરને શોભાયમાન કરવા માટે બહારના સૌંદર્યવર્ધક ઘરેણાં ઉપયોગમાં લેવાય છે તેને અલંકાર કહે છે. આ અલંકારનું પ્રયોજન સૌંદર્યવૃદ્ધિનું છે. આ જ રીતે સાહિત્યના વિવિધ પ્રકારોમાં અભિવ્યક્તિની રીતિને કે અભિવ્યક્ત કરતા વિચાર-ભાવને વધુ સુંદર બનાવવા માટે જે ભાષાકીય અર્થાત્ અભિવ્યક્તિની રીતિગત ખૂબીઓ ઉપયોગમાં લેવાય છે તેને પણ કાવ્યશાસ્ત્રમાં અલંકાર કહે છે. આમ, સાહિત્યમાં અભિવ્યક્તિગત સૌંદર્ય-સાધનામાં આ અલંકારપ્રયુક્તિ એક રીતે ઉપહારક બને છે.

આ અલંકારના મુખ્યત્વે બે વિભાગ પાડવામાં આવ્યા છે : શબ્દાલંકાર અને અર્થાલંકાર. શબ્દાલંકાર બાહ્ય સૌંદર્યની વૃદ્ધિ કરે છે, જ્યારે અર્થાલંકાર આંતરસૌંદર્યની વૃદ્ધિ કરે છે. કાન્તના સુપ્રસિદ્ધ કાવ્ય ‘સાગર અને શશી’માંથી શબ્દાલંકારનું આ ઉદાહરણ માણો :

**‘કામિની કોકિલા, કેલી કૂજન કરે,**
**સાગરે ભાસતી ભવ્ય ભરતી;’**

અહીં પ્રથમ પંક્તિમાં ‘ક’ વર્ણની પુનરુક્તિ અને બીજી પંક્તિમાં ‘ભ’ વર્ણનું પુનરાવર્તન એક પ્રકારે નાદસૌંદર્ય દ્વારા કર્ણતૃપ્તિ કરે છે. આવા શબ્દાલંકારના કાવ્યશાસ્ત્રમાં આઠ પ્રકાર ગણાવાયા છે : પ્રાસાનુપ્રાસ, થમક, શ્લેષ, વક્રોક્તિ, પુનરુક્તવદાભાસ, વીપ્સા, પ્રહેલિકા અને ચિત્ર. અલબત્ત, અહીં અલંકારશાસ્ત્રની ચર્ચા અપેક્ષિત નથી.

આવી જ રીતે અર્થાલંકારનો પણ સર્જક સમુચિત ઉપયોગ કરે ત્યારે તે અભિવ્યક્તિના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. કોઈ પ્રિયતમ પોતાની પ્રિયતમાના ચહેરાના સૌંદર્યને બે રીતે વર્ણવી શકે. અરે, પ્રિયતમ-પ્રિયતમાની વાત જવા દો તો પણ કોઈ સર્જક કોઈ નારીના મુખસૌંદર્યને સીધી રીતે વર્ણવી શકે તો અલંકારનો લાભ લઈને પણ વર્ણવી શકે. કોઈ સર્જક ચહેરાના સૌંદર્યને પ્રકટ કરવા માટે આલંકારિક પ્રયોગ કરે કે ‘તેનો ચહેરો ચંદ્ર જેવો છે’ ત્યારે તેમાં ચંદ્ર અને ચહેરાની સરખામણી થતાં તેમાં ઉપમા અલંકાર સર્જાય છે. તે કોઈ સુંદર લલનાનું સર્જક વર્ણન કરે કે તે ‘ચંદ્રમુખી’ છે, ત્યારે ત્યાં તે બહુવ્રીહિ સમાસ દ્વારા પણ મુખને ચંદ્ર સાથે સરખાવવાની અલંકારપ્રવૃત્તિ જ કરે છે. કોઈ એવો ઉદ્ગાર કરે કે ‘ઓહ, તેનું મુખ તો જાણે ચંદ્ર !’ ત્યારે તેમાં ઉત્પ્રેક્ષા અલંકાર નિસ્પન્ન થાય છે. આમ, વિવિધ અલંકાર-પ્રયુક્તિથી સર્જક પોતાના સર્જનને સૌંદર્યમંડિત કરતો હોય છે.

કવિ ન્હાનાલાલ 'શરદપૂનમ' કાવ્યમાં શરદપૂર્ણિમાએ ઊગતા ચંદ્રનું આ પ્રમાણે ચિત્રણ કરે છે :

**'લજ્જાનમેલું નિજ મન્દ પોપચું,**<br>
**કો મુગ્ધબાલા શરમાતી આવરે;**<br>
**ને શોભી રહે નિર્મલ નેનની લીલા,**<br>
**એવી ઊગી ચન્દ્રકલા ધીરે ધીરે.'**

પૂર્ણિમાનો ચંદ્રોદય થવાની સુંદર ક્ષણોને કોઈ મુગ્ધ બાલા પોતાનું લજ્જાથી ઢાળેલું પોપચું શરમસંકોચસહ ધીમે ધીમે ખોલે તેની સાથે તુલનાવી છે. અલબત્ત, અહીં ઉપમા નહિ પણ દૃષ્ટાંત દ્વારા અલંકાશયોજનથી કાવ્યને રસિક બનાવાયું છે. આ દૃષ્ટાંત દ્વારા કવિની રસાર્દ્ર નિરીક્ષણશક્તિ અને તેને કાવ્યાત્મક રીતે મૂકવાની સર્જનશક્તિનાં યુગપત્ દર્શન થાય છે.

આવી જ રીતે અખો પણ દૃષ્ટાન્ત અલંકાર દ્વારા દંભી-અજ્ઞાની ગુરુ વિશે પોતાની આગવી રીતે કટાક્ષશૈલી દ્વારા કાવ્યાત્મક નિરૂપણ કરે છે :

**'ગુરુ થઈ બેઠો હુંસે કરી, કંઠે પાહાણ શકે ક્યમ તરી ?**<br>
**જ્યમ નાર નાહાનડી હવું પ્રસૂત : વળતી વાધે નહિ અદ્‌ભુત,**<br>
**ત્યમ શિષ્યને ભારે ભાર્યો રહ્યો, અખા તો મૂળગેથો ગયો.'**

અખાએ અહીં શબ્દાલંકાર અને અર્થાલંકાર એમ બંનેનો ઉપયોગ કર્યો છે. ચરણાન્તે 'કરી' – 'તરી', 'પ્રસૂત' – 'અદ્‌ભુત', 'રહ્યો' – 'ગયો' વાપરી એક પ્રકારે પાઠ્યસૌંદર્યની સાથે સાથે અર્થદ્યોતકતા પણ સિદ્ધ કરી બતાવી છે. તો વળી બનાવટી ગુરુ પર કટાક્ષ કરતાં દૃષ્ટાંતો મૂકીને અર્થાલંકાર પણ સિદ્ધ કર્યો છે. 'કંઠે પાહાણ શકે ક્યમ તરી ?' દ્વારા જેણે ગળામાં પથ્થર બાંધ્યો હોય તે તરી કેવી રીતે શકે ? આ પ્રશ્ન દ્વારા અજ્ઞાન કે અર્ધજ્ઞાનનો પથ્થર બાંધી જે સંસાર તરવા કે તારવા નીકળ્યો છે તેવો પાખંડી ગુરુ શું કરી શકવાનો હતો ? વળી, આ જ વાતને 'જ્યમ નાર નાહાનડી હવું પ્રસૂતઃ વળતી વાધે નહિ અદ્‌ભુત' જેવી પંક્તિમાં અખાએ અજ્ઞાની કે અર્ધજ્ઞાની ગુરુ માટે બીજું દૃષ્ટાન્ત પ્રયોજ્યું છે અને કહે છે કે જેમ વયે ન પહોંચેલી, કે અધૂરી વયે કોઈ સ્ત્રી પ્રસૂતા બને તો પછી તેના શારીરિક સૌંદર્યનો વિકાસ અટકી જાય છે. આવી જ રીતે અર્ધદગ્ધ ગુરુ વિકાસ કરી શકતો નથી.

આમ, અલંકાર કવિના વક્તવ્યને સચોટ અને સુંદર બનાવે છે. આ રીતે જોવા જતાં અલંકાર ભલે બાહ્ય આભરણ હોય, પણ તે સર્જનની-અભિવ્યક્તિની સુંદરતામાં ઉમેરો કરે છે. આથી અલંકાર એક યા બીજી રીતે સર્જક માટે કલાત્મક સર્જનકૃતિ સિદ્ધ કરવાનું અનિવાર્ય ઉપકરણ બની રહે છે.

અંગ્રેજીમાં અલંકારને 'ફિગર્સ ઑવ્ સ્પીચ' (Figures of Speech) કહે છે,

ત્યાં પણ ભાષાકીય અભિવ્યક્તિને અસરકારક અને વેધક બનાવવાનો જ આ અલંકારનો ઉદ્દેશ છે. ગ્રીકમાં 'litos' (લિટૉસ) શબ્દ છે જેનો અર્થ થાય છે 'એકલું', 'સાદું' અને એના પરથી 'litotes' શબ્દ નિષ્પન્ન થયો છે જે અલ્પોક્તિ નામનો અલંકાર સૂચવે છે. તો વળી અલંકાર માટે એક બીજો ગ્રીક શબ્દ વપરાય છે 'tropos'. આ ટ્રૉપૉસનો અર્થ સામાન્ય શબ્દાર્થ કરતાં કોઈ વિશિષ્ટ અર્થ સધાતો હોય તેવી રચનાને ટ્રૉપૉસ કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ 'ટ્રૉપૉસ'માંનો 'ટ્રૉપ' શબ્દ અલંકારનો સૂચક છે. આમ, પરિચિત તરફથી અપરિચિત અર્થાભિવ્યક્તિ માટે વપરાતા શબ્દો અલંકારનું રૂપ ધારણ કરે છે. ગ્રીસમાં અલંકારો ૨૫૦ જેટલાં નામાભિધાન પામ્યાં છે.

ટૂંકમાં, અલંકાર કવિતાકામિનીનાં સુંદર વસ્ત્રાભિધાન છે. સાવ સાદીસીધી વાતને અલંકારની મદદથી રજૂ કરવામાં સર્જકની સર્જકતા નીખરી ઊઠે છે, અને સર્જન સુશોભિત બને છે.